નમસ્કાર ગાંધીનગર

પમરાટ

કળાયો મોર
શણગારે સવાર
ઉન્માદી ઢેલો
ચણે પગલાં
ટહુકા માગે મેઘ
વગડો ઝૂરે
ના વાદળ,ના વીજ
ગાજે ગડગડાટ !

- કિશોરસિંહ સોલંકી

પાથેય

- રમેશ ઠક્કર

મેઘનો માહોલ...

જગતનું જે સૌંદર્ય છે એની સજાવટ કરનાર પણ કોઈક અજાયબ પરિબળ છે..આપણે માણસ જાતજાતની પ્રગતિનો નામે નવી નવી પળોજણોને પોંખતા રહીએ છીએ..આપણા થકી ઈશ્વરે રચેલી આ દુનિયામાં જરા સરખો વૈભવ ઉમેરી શકતા નથી..આપણે કુદરત પાસેથી સતપ કશુંક પામવાના સંકલ્પ સાથે જીવતા રહીએ છીએ...ઝાડ,પંખી .સૂર્યકિરણ ,કરાયેલો કોઈ મોર કે ગાતું કોઈ નાનકડું પંખી સુંદરતાનો એક આલેખ રચી જાય છે.પરસ્પરના પ્રયાસોથી ધરતી ઉપર એક સ્પંદન જગાવી જાય છે.કવિ કે સર્જક પોતાના શબ્દો થકી એને કવિતામાં કંડારવાનું કામ કરતા રહે છે.મેઘ ,મેહુલો કે વાદળો વિશે ના લખે તો એ કવિ નહીં ! આપણી ભાષામાં આવું અદ્ભુત લખાતું રહયું છે.

વરસાદ એટલે આમ તો પ્રતિક્ષાથી ઝાકળગ્રસ્ત પરોઢ સુધીનો સમય..એની વિવિધ છટાઓ હોય છે..વરસાદને મેહ પણ કહેવાય..એના વિશે તમે કશું છાતી ઠોકીને ના કહી શકો..એ હંમેશાં અનપ્રડિકટીબલ હોય છે..અને એટલે જ એની આસપાસ કેટકેટલી માન્યતાઓ અને વાતો વણાઈ ગયેલી છે..પહેલો વરસાદ તોફાની જ હોય..આપણા કવિઓને પહેલા વરસાદનો છાંટો વાગે અને અસ્થિભંગ થયા હોય એવી વેદનાનાં કાવ્યો પણ સ્ફૂર્યાં છે..વરસાદ જો વિલંબ કરે તો દુકાળનાં ડાકલાં વાગે એમ કહેવાય..થોડાક વિલંબથી પડે તો ખેડૂતો કહે કે પાછળથી તૂટ નહી પડે..એમને વરસાદના હિસાબકિતાબમાં શ્રધ્ધા હોતી હશે ને ?

હમણાં વરસાદના વિવિધ પ્રકારો વિશે વોટસેપ ચર્ચા ચાલે છે..પણ એ બધી વાતોથી વરસાદને જાણી શકાય નહી..એના માટે એટલું જ કહેવાય કે વરસાદ એટલે વરસાદ..અનરાધાર વરસતો વરસાદ જયારે માઝા મુકે છે ત્યારે "વાદળ ફાટ્યું " એમ કહેવાય છે..અને ત્યારે જ જગતને ખબર પડે છે કે વરસાદ એ વાદળો વારસદાર છે ! વરસાદી વાછટ એ દોઢ ડહાપણ જેવી હોય છે..તમે ખુલ્લા આકાશમાં પલળો કે રીમઝીમ શ્રાવણી ધાર ઝીલો..રોમાંચ તમને તરબતર કરી નાખશે..પણ ઘરના ઝરૂખેથી થપાટની જેમ વાગતી વાછટ કોઈને પણ ગમતી નથી..

ખેતરોમાં પહેલો વરસાદ પર્યાપ્ત રીતે વરસે તો કિસાન બોલીમાં કહેવાય કે વાવણીલાયક વરસાદ થયો..એ પછી થોડોક વિરામ ધરતીને 'વરાપ ' માટે જરૂરી હોય છે..વરસાદ વધારે પડે તો લીલો દુકાળ....અષાઢમાં એની હેલી હોય..શ્રાવણનાં સરવડાં એટલે કે એ થોડક ઠરેલ બને..પણ આપણે વાત કરતા હતા ભાદરવાની..એ જો વરસે તો ભાદરવો ભરપુર જ હોય ! બાકી શ્રાધ્ધ આસપાસ અંતિમ ઝાપટાં નાખી એ એની વિદાયના વિવિધ સંકેતો આપે છે..આસોમાં

અનુસંધાન પાના નં. ૭ પર

બે મહારથીઓની વિદાયથી ગુજરાત રાંક બન્યું છે

તંત્રીસ્થાનેથી...

જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ : ।

એટલું કહીને વ્યાસ અટક્યા નથી. તરત જ ઉમેર્યું છે : ધ્રુવો જન્મ મૃતસ્ય ચ ॥ એ આશ્વાસન આપણને જિવાડે છે જાયું તે જવાનું છે, એ શાશ્વત સત્ય આપણને સમજીએ છીએ અને સ્વીકારીએ છીએ; છતાં જયારે કોઈ સ્વજન કે મહાજન વિદાય લે છે ત્યારે વિષાય જરૂર થાય છે. નર્મદને ખબર હતી કે સંઘર્ષમય જીવન પસાર કરીને જયારે એ ચિરનિંદ્રામાં પોઢી જશે ત્યારે ઘણા બધા ચાહકોમાં શોકનું મોજું ફરી વળશે. એટલે એણે આગોતરી સલાહ આપી દીધી હતી : નવ કરશો કોઈ શોક, રસિકડાં ! નવ કરશો કોઈ શોક... આપણી અસમિતાનાં બે ઉજ્જવળ નક્ષત્રોએ સ્વર્ગની કેડીએ પણ સંગાથ કર્યો છે. હિંમતનગર નજીકના અંતરિયાળ ગ્રામીણ પંથકમાં અનેરાઈનું માંગલિક વિશ્વ રચી દાયકાઓ સુધી ગાંધી પ્રણીત શ્રમ સાથેના શિક્ષણની ધૂણી ધખાવનારા નખશિખ વિદ્યાપુરુષ અને સાબરકાંઠામાં ખુદ સ્થાપેલ 'વિશ્વમંગલમ્' થી લઈ ગાંધીની માનસકન્યા સમી ગૂજરાત વિદ્યાપીઠનું સુપેરે સુકાન સંભાળનારા ગોવિંદભાઈ રાવળે ઉમરે જીર્ણ કરી મૂકેલું કાયાનું પીજરું છોડી દીધું હોવાના સમાચાર હવામાં હતા ત્યાં જ બીજા દુ:ખદ સમાચાર મળ્યા : ઝવેરચંદ મેઘાણીના જયેષ્ઠ સુપુત્ર કે જેમને ગુજરાત એના 'વાચનવીર' તરીકે ઓળખે છે - એમણે પણ શતાયુ પર્વે આંખ મીંચી દીધી છે. આ બેઉની વિદાય વયસહજ હોવા છતાં ગુજરાત એમની ઘણી ખોટ અનુભવશે એનાં કારણો છે. ગાંધીવિચાર પચાવનારા મહાનુભાવો એક પછી એક વિદાય થઈ રહ્યા હતા એમાં ગોવિંદભાઈના જવાથી જાણે છેલ્લો માઈલસ્ટોન પણ ઊખડી ગયો છે. વિદ્યાપીઠના સ્નાતક તરીકે એમણે ગામડે જઈને બેસવાનો ગાંધીવિચાર અમલમાં મૂક્યો અને ગાંધીવિચારને વરેલાં વિદ્યાપીઠનાં જ સ્નાતિકા સુમતિબહેન સાથે પ્રભુતાનાં પગલાં માંડ્યા. આ દંપતી એક વિદ્યાપીઠનું જ હરતું ફરતું સ્વરુપ બની રહ્યું હતું. હજારો કૃષક-કન્યાઓએ એમના વરદ હસ્તે દીક્ષા લઈ શિક્ષણ ક્ષેત્રનો આજીવિકાનું માધ્યમ બનાવ્યું. આ કોઈ નાની સૂની ક્રાંતિ નહોતી. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકેની અણિશુદ્ધ કારકિર્દી પણ કેમ ભુલાય ? એમણે જાહેર જીવનને એક અકદેરી ઊંચાઈએ મૂકી આપ્યું હતું. મહેન્દ્રભાઈ મેઘાણીએ વાચનયાત્રા જ કર્યે રાખી. વાચન વિમુખ થઈ રહેલી વેપારી માનસ ધરાવતી ગુજરાતી પ્રજાને એમણે અંતિમ શ્વાસપર્યંત વાચનવાનગીઓ પીરસીને તૃપ્ત કરી છે. રાષ્ટ્રીય શાયર જેવું ગાંધી પ્રેરિત બહુમાન મેળવનાર ઝવેરચંદ મેઘાણી તો પેતે જ એક દંતકથા બની રહ્યા હતા. પણ સામાન્ય રીતે બને છે એવું દીવા તળે અંધારું મૂકીને નહોતા ગયા. મહેન્દ્ર ભાઈ અને એમના બીજા ભાઈઓએ ગુજરાતને લખલૂટ લાડ લડાવતું વાચન પીરસીને પિતૃતર્પણ કર્યું છે. મહેન્દ્ર મેઘાણીએ સંપાદિત કરીને, ટૂંકાવીને અને શોધી શોધીને ઉત્તમ અને સાત્ત્વિક સાહિત્ય ગુજરાતને ચરણે ધર્યું છે. આ કાર્ય તો યુનિવર્સિટીઓનું હતું. એક મૂઠી હાડકાંના માનવીએ જેમ અંગ્રેજની સત્તા સામે બાથ ભીડી હતી એમ વિસરાતી અને વિલાતી ગિરા ગૂર્જરીને સતત પોતાના લોહી પસીનાથી સીંચીને એ સોમા વર્ષે વિદાય થયા છે. શ્રાવણી વેળાએ બેઉ મહારથીઓને શુભેચ્છા પાઠવીએ : શિવાસ્તે સન્તુ પન્થાનઃ ।

મિત્રધર્મનું ઊજળું ઉદાહરણ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

અરણ્યનો આ વિસ્તાર પાંચ વડલાઓની વચ્ચે હતો. એથી આ વિસ્તાર પંચવટી તરીકે જાણીતો. એમાનું એક વિશાળકાય ઘેઘૂર વટવૃક્ષ ગોદાવરી નદીને કિનારે હતું. એની ટોચ પર ઉપર માળો બાંધીને ગીધરાજ જટાયુ રહેતા હતા. હવે તો એની પણ વૃદ્ધ અવસ્થા હતી. નીતિથી પોતાની ગીધ પ્રજાનું પાલન કરતા. અયોધ્યાના રાજા દશરથનું અવસાન થયું હતું. એ જટાયુના પરમ મિત્ર હતા.

જટાયુ એકવાર નિંદરમાં હતા; પરંતુ એ ઝબકી ને જાગી ગયા. એણે કોઈક સ્ત્રીની ચીસ સાંભળી - 'રામ, બચાવો !!' 'લક્ષ્મણ ! બચાવો ' આ દશરથની પુત્રવધૂ સીતા છે. આ રાવણ છે. સીતાનું અપહરણ કરીને જઈ રહ્યો છે.'

જટાયુમાં સાહસ, હિંમત અને પરાક્રમ તો હતા જ. સીતાએ હાથ જોડીને, વિનંતી કરી - 'તમે આને પડકારશો નહી, એ તમને મારી નાખશે. અહીં રામ-લક્ષ્મણ આવે; ત્યારે એમને જાણ કરજો. આ દુષ્ટ રાવણ બળજબરીથી મને ઉઠાવી ગયો છે.'

જટાયુને મારે, તો જાણે કે સીતા પોતાની પુત્રવધૂ હતી. સીતાનો આંસુથી ખરડાયેલો ચહેરો જોઈને, એને ખૂનસ ચડ્યું. એણે પડકાર ફેંક્યો. 'રથ ઊભો રાખ. સીતાને ઉતારી દે. નહિતર હું તને ઊંચકીને રથમાંથી નીચે પટકું છું.'

પરંતુ રાવણને જવાની ઉતાવળ હતી. એ મશ્કરીમાં મોટેથી અટ્ટહાસ્ય કરી બેઠો. એ આગળ વધ્યો. તો જટાયુએ એનો માર્ગ રોક્યો. 'એણે કહ્યું, 'તું રાજા છો; પરસ્ત્રીનું રક્ષણ કરવું, તારી ફરજ છે. એને બદલે તું અપહરણ કરે છે ? હું તને આગળ વધવા નહિ દઉં.'

છતાં એ અટક્યો નહીં, એટલે જટાયુ એને માથે ચડી બેઠા. પોતાના નહોરથી ઘાવ કર્યા. એના અશ્વોને મારી નાખ્યા. એનું ધનુષ્ય તોડી નાખ્યું. એના રથને ભાંગી નાખ્યો. આ ધમાસાણ યુદ્ધમાં એ થાકી ગયા. રાવણે પોતાની તલવારથી એની બંને પાંખો કાપી નાંખી. સીતાને લઈને જતો રહ્યો.

ખરેખર, થોડા સમયમાં રામ, લક્ષ્મણ સાથે આવ્યા. એમણે જટાયુનું મસ્તક ખોળામાં રાખ્યું ; એને આઘાત લાગ્યો. 'આ જટાયુ પોતાના પિતાને સ્થાને હતા.' જટાયુએ ધીમે અવાજે કહ્યું, 'હવે મારા પ્રાણ જઈ રહ્યા છે. એનો મને વાંધો નહીં. રાવણ, સીતાને ઉપાડીને ગયો છે. દક્ષિણ દિશા તરફ છે. પરંતુ આ ઘટિકા 'વિંદ' છે. આમાં જો કાંઈ ખોવાઈ જાય, તો પાછી મળી જાય છે. તને સીતા મળી જશે. રાવણને મારીને, તું ચોક્કસ વિજેતા થઈશ.'

જટાયુએ રામના ખોળામાં જ પોતાના પ્રાણ છોડ્યા. જે રીતે દશરથના અંતિમ સંસ્કાર થાય, એ જ રીતે એમણે જટાયુના કર્યા. બંને ભાઈઓએ એમને જલાંજલિ આપી.

૭મી ઓગસ્ટ મૈત્રી દિવસ ગણાય. જટાયુએ જે મિત્રધર્મ બજાવ્યો. ઉજળું ઉદાહરણ આ મિત્રધર્મનું છે. એક પક્ષી અને એક મનુષ્યની સરસ મૈત્રી !

'ભરતેશ્વર બાહુબલિ રાસ'ની રચના કોણે કરી છે?

ગુજરાતી સાહિત્ય

૧ કયા મધ્યકાલીન કવિએ 'કટારી' નામનાં પદો રચ્યાં છે?
(અ) દાસી જીવણ (બ) શામળ
(ક) દયારામ (ડ) મીરાં

૨ 'વચનામૃત' કોની રચના છે?
(અ) બ્રહ્માનંદ સ્વામી (બ) સહજાનંદ સ્વામી
(ક) નિષ્કુળાનંદ સ્વામી (ડ) પ્રીતમદાસ

૩ ગંગાસતીનું બાળપણનું નામ શું હતું ?
(અ) જમનાબા (બ) રેવાબા
(ક) હીરબા (ડ) કાનબા

૪ પ્રેમાનંદ કૃત 'સુદામા ચરિત્ર' કયા વારે ગાવાનો મહિમા છે ?
(અ) સોમવાર (બ) બુધવાર
(ક) શનિવાર (ડ) રવિવાર

૫ 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહી' કોની પંક્તિ છે ?
(અ) શામળ (બ) નરસિંહ મહેતા
(ક) ભાલણ (ડ) ધીરો

૬ 'કાગળની હોળી' ના લેખક કોણ છે ?
(અ) કુન્દનિકા કાપડિયા (બ) સરોજ પાઠક
(ક) વર્ષા અડાલજા (ડ) હિમાંશી પટેલ

૭ 'ભરતેશ્વર બાહુબલિ રાસ' ની રચના કોણે કરી છે ?
(અ) શામળ (બ) શાલિભદ્રસુરિ
(ક) દયારામ (ડ) દાસી જીવણ

૮ 'સૂર્ય પુરુષ'ના લેખક કોણ છે ?
(અ) જોસેપ મેકવાન (બ) ચીનુ મોદી
(ક) વિનોદ ભટ્ટ (ડ) માધવ રામાનુજ

૯ 'સૌંદર્યની નદી નર્મદા' ના રચિયતા છે ?
(અ) અમૃતલાલ વેગડ (બ) વાડીલાલ ડગલી
(ક) બ્રહ્માનંદ સ્વામી (ડ) શામળ

૧૦ 'નંદ સામવેદી' કોનું ઉપનામ છે?
(અ) ચીનુ મોદી (બ) માધવ રામાનુજ
(ક) ચંદ્રકાન્ત શેઠ (ડ) જોસેફ મેકવાન

૧૧ 'ફટફટિયું'નું સાહિત્ય સ્વરુપ શું છે ?
(અ) નાટક (બ) પ્રવાસ કથા
(ક) નવલકથા (ડ) વાર્તાસંગ્રહ

૧૨ 'હુકમ માલિક' નાટકના રચિયિતા કોણ છે?
(અ) ચીનુ મોદી (બ) સરોજ પાઠક
(ક) હરીન્દ્ર દવે (ડ) પ્રિન્યકાન્ત મણિયાર

૧૩ 'પરિક્રમા' કાવ્ય સંગ્રહના રચિયતા કોણ છે ?
(અ) રા.વિ. પાઠક (બ) ઉમાશંકર જોષી
(ક) લાભશંકર ઠાકર (ડ) બાલમુકુંદ દવે

૧૪ ભીમો અને ચંદા કઈ જાણીતી નવલકથાના પાત્રો છે ?
(અ) જનમટીપ (બ) માણસાઈના દીવા
(ક) ભવની ભવાઈ (ડ) પેરેલિસિસ

૧૫ 'પ્રેમસખી' કોનું ઉપનામ છે ?
(અ) મુક્તાનંદ સ્વામી (બ) બ્રહ્માનંદ સ્વામી
(ક) પ્રેમાનંદ સ્વામી (ડ) નિષ્કુળાનંદ સ્વામી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૫ ઓગસ્ટ :
  - મશહુર અમેરિકન એકટ્રેસ અને મોડેલનું આત્મહત્યા કરતાં મોત થયું (૧૯૬૨)
  - ભારતીય ફિલ્મ અત્રિનેતી કાજોલનો જન્મદિવસ (૧૯૭૪)
  - ઈગ્લુક શ્રીનાવત્રા થાઈલેન્ડના પ્રથમ મહિલા પ્રેસીડેન્ટ બન્યા (૨૦૧૧)
  - ચંદ્રની ધરતીપર પગ મૂકનાર નીલ આર્મસ્ટ્રોંગનો જન્મદિવસ (૧૯૩૦)
- ૬ ઓગસ્ટ : હિરોશીમા દિવસ
  - સાહિત્યકાર ચંદ્રકાન્ત મહેતાનો જન્મદિવસ (૧૯૩૯)
  - રશિયા,પર્શિયા અને ઓસ્ટ્રિયાએ પોલેન્ડના ભાગલા માટે સહીઓ કરી (૧૭૭૨)
  - અમેરિકાએ હિરોશીમા પર અણુબોમ્બ નાખ્યો (૧૯૩૯)
  - દેશભક્ત સુરેન્દ્રનાથ બેનરજીનું નિધન (૧૯૨૫)
- ૭ ઓગસ્ટ :
  - નવલરામ પંડ્યાની પુણ્યતિથિ (૧૮૮૮)
  - જર્મન આર્ટીસ્ટ એમીલ નોલ્ડેનો જન્મદિવસ (૧૯૬૭)
  - મહિલા ગોલ્ફ ટુર્નામેન્ટ શરૂ કરનાર અમેરિકન ગોલ્ફર લૂઈસ સગ્ગનું ૯૧ વર્ષની વયે અવસાન (૨૦૧૫)
  - વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બે ટાવર પર ૧૩૫૦ ફૂટની ઊંચાઈએ દોરડું બાંધી ચાલનાર ફીલીટ પીટીટનો જન્મદિવસ (૧૯૭૪)
- ૮ ઓગસ્ટ : સંસ્કૃત દિવસ
  - અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ રીચાર્ડ નિકશનને રાજીનામું આપ્યું (૧૯૭૪)
  - મેક્સિકન ક્રાંતિના પ્રણેતા ઈમિલિયાનો ઝાપ્પાનો જનમદિવસ (૧૮૭૯)
  - લોબસંગ સંગેય તિબેટના પ્રાઈમ મિનિસ્ટર બન્યા (૨૦૧૧)
  - સંગીત ગાયિકા સિદ્ધેશ્વરી દેવીનો જન્મદિવસ (૧૯૦૮)
- ૯ ઓગસ્ટ :
  - ગુજરાતના ત્રીજા મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનો જન્મદિવસ (૧૯૧૫)
  - ઈટાલિયન ભૌતિક વિજ્ઞાની એમેન્ડો એવોગેડ્રોનો જન્મદિવસ (૧૭૭૬)
  - રિચાર્ડ નિકશનના રાજીનામા બાદ ગેરાલ્ડ આર ફોર્ડે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા (૧૯૭૪)
  - અમેરિકાએ બીજો અણુબોમ્બ નાગાશાકી પર નાખ્યો (૧૯૪૫)
- ૧૦ ઓગસ્ટ :
  - સ્પેનીશ ચિત્રકાર જહોકીન સોરોલા બાસ્ટીડાનો જન્મદિવસ (૧૮૬૫)
  - ઈંગ્લીશ સાયન્સીટ્સ જેમ્સ સ્મીથશન દ્વારા અમેરિકાના વોશિંગ્ટન ડીસી ખાતે સ્મિથસોનીયન ઈન્સ્ટિટયુટ શરૂ કરવામાં આવી (૧૮૪૬)
  - વિશ્વનું સૌથી વધુ મુલાકાતીઓ જયાં ગયા છે તે પેરીસનું લોવર મ્યુઝિયમ ખુલ્લું મુકાયું (૧૭૯૩)
- ૧૧ ઓગસ્ટ :
  - ક્રાંતિકારી યુવાન ખુદીરામ બોઝનું નિધન (૧૯૦૮)
  - પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન પરવેઝ મુશર્રફનો જન્મદિવસ (૧૯૪૩)
  - અમેરિકાના લોસ એન્જેલસમાં થયેલા 'રેસ રાયોટ્સ'માં ૩૪ લોકો માર્યા ગયા (૧૯૬૫)
  - પૂર્વ ક્રિકેટર યશપાલ શર્માનો જન્મદિવસ (૧૯૫૪)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

વિપક્ષ દ્વારા કયા નેતાને ઉપરાષ્ટ્રપતિના પદ માટે ઉમેદવાર બનાવાયા છે ?
જવાબ : માર્ગારેટ આલ્વા

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) હાર્દિક મકવાણા : સે-૨૪
(૪) મુળજીભાઈ પરમાર : સે-૭ (૫) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) અરુણ એલ સોલંકી : સે-૨૭ (૭) એન બી ચુડાસમા : સેકટર-૩બી

આ સપ્તાહનો સવાલ

શિવસેનાના કયા ભ્રષ્ટ સાંસદની ઈડીના દરોડા બાદ ધરપકડ કરાઈ ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

જમાનો (અવકાશ) યાન અભિયાનનો છે !! 'આરંભે શૂરા - વાતોમાં પૂરા' કહેવત ખોટી ઠેરવવાનો ય છે

માણસોને વર્તમાન કરતા ભૂતકાળ ને ભવિષ્યકાળમાં વધારે રસ પડતો હોય છે. તેથી જ ઘણા લોકોનો બીજાના ભૂતકાળનાં પાનાં ઉખેળવાનું ગમતું હોય છે અને પોતાનું ભવિષ્ય કેવું છે એ જાણવાની ઈંત્તેજારી - ચટપટી રહેતી હોય છે. કદાચ માનવી સહજ આ સ્વભાવના કારણે જ અખબારોમાં 'આપની આજ' ને 'આપનું સાપ્તાહિક ભવિષ્ય' ની કોલમો છપાતી હોય છે ને વંચાતી હોય છે. અથવા 'વાઈસ એ વર્ષા' વંચાય છે એટલે છપાય છે!!

અમે અમારા કે નગરનું ચાલુ 'સપ્તાહ'નું ભવિષ્ય કેવું છે. એ ગયા સપ્તાહે છપાયેલ 'અઠવાડિક ભવિષ્ય'ની કોલમમાં વાંચ્યું - જોયું નહોતું પણ ખરેખર ગાંધીનગર માટે આ વીક જરાય 'વીક' કહેતા નબળું નહીં, ખૂબ સ્ટ્રોંગ રહ્યું છે.... ના, ના.... સ્વાસ્થ્ય, શેરબજાર, લડાઈ - ઝઘડાની રીતે 'સ્ટ્રોંગ' નહીં પરંતુ નગરમાં થયેલા કાર્યક્રમોની દૃષ્ટિએ આ 'વીક' સ્ટ્રોંગ - મજબૂત રહ્યું એમ અમારે કહેવું છે....

અહાહા... અહાહા.... કેવો યોગાનુયોગ સર્જાયો આ સપ્તાહમાં ! પવિત્ર શ્રાવણ માસ ચાલુ છે એટલે 'હર ઘર' ને 'હર શિવાલય' 'હર હર મહાદેવ.... હર હર ભોલે....' ના જાપ - રટણથી ધમધમી રહ્યા હોય એ સ્વાભાવિક છે...

હળવે હૈયે
પ્રકાશ લાલા

તો તા. ૨ ઓગસ્ટે પાટનગર ગાંધીનગરના જન્મદિન નિમિત્તે કેટલીય સંસ્થાઓ દ્વારા 'હેપ્પી બર્થ ડે ગાંધીનગર' ના પ્રોગ્રામો થયા.... આ જ અવસરે, એક સમયનું 'ગ્રીનેસ્ટ સિટી'નું બહુમાન ગુમાવી રહેલા ગાંધીનગરે ફરી હરિયાળું હરિયાળું બનાવી દેવા 'હર ઘર એક વૃક્ષ' ને 'વૃક્ષ વાવો - વૃક્ષ ઉછેરો' ના સંકલ્પો સાથે 'વન મહોત્સવો' યોજાઈ રહ્યા છે...

એમાં વળી, આ વર્ષ ભારતની આઝાદીનું ૭૫મું વર્ષ 'આઝાદી કા અમૃત મહોત્સવ' તરીકે ઊજવાઈ રહ્યું છે ત્યારે ૧૫ ઓગસ્ટ - સ્વાતંત્ર્ય દિન નિમિત્તે તા. ૧૩ થી ૧૫ દરમિયાન 'હર ઘર તિરંગા'ના કરાયેલા આહવાન અંતર્ગત જનજાગૃતિ માટે શહેરની સરકારી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઉપરથી આવેલા આદેશ મુજબ બેન્ડ વાજા સાથે 'હર ઘર તિરંગા લહેરાયેગેં, ભારત કી શાન બઢાયેંગે' ના સૂત્રોચ્ચાર સાથે સેકટરે - સેકટરે 'રેલીઓ' અભિયાન આ સપ્તાહમાં જ આરંભાયું છે....

આ બધા સાથે નગરની કલા સંસ્થાઓને અન્ય સંસ્થાઓ દ્વારા નૃત્યના, ગીત સંગીતનાં 'જલસા' થકી આ સપ્તાહ શોભી ઊઠ્યું છે.... બોલો, નગરનું આ 'વીક' સ્ટ્રોંગ ખરું કે નહીં ?

એક તરફ વિશ્વમાં 'યાન - અવકાશ યાન' ની વાતો છે તો બીજી બાજુ આપણે ત્યાં 'અભિયાનો' ચાલે છે... બધું આવકાર્ય છે... પરંતુ એક વાત છે. 'હર હર મહાદેવ' અભિયાન લોકોની શ્રદ્ધા આસ્થાના પ્રતાપે સ્વયંભૂ છે - હોય છે એટલે એ કડેધડે આખો માસ ને બારે માસ ચાલતું રહેવા રહેવાનું.... બાકીનાં અભિયાનોનું ભાવિ તો ઉજળું બને જો પબ્લિક એનો 'મોરલી' સ્વીકાર કરે અને સાચા દેશભક્ત કરે અને સાચા દેશભક્ત તરીકે, દેશના જવાબદાર - જાગૃત નાગરિક તરીકે પોતાની 'ડ્યૂટી' સમજીને એને ઉપાડી લે તો ! પણ એ સરકાર કે સંસ્તા દ્વારા 'સ્પોન્સર્ડ' હોય કે માથે મરાય (હોય ને ફક્ત લક્ષ્યાંકો પાર પાડવા - આંકડાઓની ઈન્દ્રજાળ પાથરી, પેપર ઉપર 'નંબર' ગણાવા જ થતાં રહે તો તો પછી 'આગાઝ તો અચ્છા હૈ... અંજામ ખુદા જાને' જ ગાવું પડે... કેમ કે આવી યોજનાઓ - અભિયાનો - આંદોલનોનાં 'બાળમરણ' થતાં આપણે 'આરંભે શૂરા વાતોમાં પૂરા એ કહેવતને સાચી ઠેરવવાના પ્રયાસો કરતાય કયાં નથી જોયા...!!

એની વે, આ સપ્તાહે આરંભાયેલ અભિયાનો લોકજુવાળ બની, પરિણામલક્ષી બને એવી ઉજ્જવળ 'ભવિષ્યવાણી' કરીએ વિરમીએ.

દિન મહિમા

- દુર્ગાષ્ટમી

આજનું

ઔષધ

- પાણીમાં કુદીનાના થોડા પાંદડા નાખીને ઉકાળી લો. રોજ ખાધા પછી આ પાણીનું સેવન કરો. એસીડીટીમાં ફાયદો થશે.

ખડખડાટ

- કર્મચારી : સાહેબ ખુબ વરસાદ છે શું કરું ? સાહેબ : તું નક્કી કર ! મારા હાથ નીચે કામ કરવું છે કે બેરી ના ? કર્મચારી આવું છું...

આજનું

વોટ્સએપ

- કોઇ વ્યકિતને હરાવીને નીચુ પાડવુ એ સફળતા નથી. પણ કોઇ વ્યકિતને સમ્માન આપીને જીતી લેવી એ જ સાચી સફળતા છે.